# એકમ-3 વસ્તી વિષયક વળતર

-: રૂપરેખા :-

3.1 પ્રસ્તાવના

3.2 યુવા દેશ તરીકે પરિવર્તન કઈ રીતે ?

3.3 વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા

3.4 ભારતમાં વયજૂથ મુજબ વસ્તીનું પ્રમાણ (છેલ્લો દશક)

3.5 ભારતમાં શ્રમદળ અંગેના અંદાજો

3.6 વસ્તી વિષયક ડિવિડન્ડ સાથે સંકળાયેલા ફાયદાઓ

3.7 વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામે પડકારો

3.8 વસ્તી વિષયક વળતરના પડકારો સામેના ઉપાયો / વસ્તી વિષયક વળતરના ઉપાયો

3.9 ડેમોગ્રાફી ડિવિડન્ડ સંદર્ભે ભારતની વર્તમાન સ્થિતિ

- સારાંશ
- સંદર્ભ વાચન

## 3.1 પ્રસ્તાવના

ડેમોગ્રાફીના વિવિધ મુદ્દાઓ પૈકી ડેમોગ્રાફી ડિવિડન્ડ એટલે વસ્તીનું વળતર. આ એક મહત્ત્વનો વિષય છે અને વર્તમાન સમયમાં ભારતના સંદર્ભમાં એ ખૂબ જ પ્રાસંગિક છે. કોઈપણ દેશની વસ્તી એ એક રીતે અસ્કયામત છે એટલે કે મૂડી છે અને બીજી રીતે એ જવાબદારી છે. વસ્તીનું વયજૂથ એ ઘણે અંશે અસ્કયામત કે જવાબદારીનો પ્રકાર નક્કી કરે છે. સામાન્ય રીતે પરંપરાગત વસ્તીશાસ્ત્રનાં વિશ્લેષણ મુજબ 15 વર્ષ સુધીના બાળકો અને 65 વર્ષથી ઉપરના વૃદ્ધો એ બિન ઉત્પાદક વર્ગ જૂથ ગણાય છે. એટલે કે આશ્રિત વર્ગ છે. જ્યારે 15 થી 65 વર્ષના વયજૂથના લોકો એ આર્થિક રીતે ઉત્પાદક વર્ગ ગણાય છે. કોઈ દેશમાં આશ્રિત વર્ગનું પ્રમાણ વધારે પ્રમાણમાં હોય તો ઘણી બધી ઉપજ માત્ર વસ્તીના ઉછેર અને નિભાવ પાછળ ખર્ચાય જાય છે. પરંતુ જો ઉત્પાદક વર્ગનું પ્રમાણ વધારે હોય તો મૂડીરોકાણ અને વિકાસની શક્યતાઓ વધે છે. જે આર્થિક વૃદ્ધિ અને જીવનધોરણમાં સુધારો લાવે છે. વસ્તી વળતર એટલે કે ડેમોગ્રાફીક ડિવિડન્ડ. આ ખ્યાલ આ વયજૂથના (14 થી 65) પરિવર્તન ઉપર આધારિત છે. જેમાં 15 થી 65 વર્ષની વયજૂથના લોકોનું પ્રમાણ વસ્તીમાં વધવા પામે ત્યારે વસ્તીનું વળતર વધે છે અને દેશનો વિકાસ થઈ શકે છે.

જાપાને સૌ પ્રથમ વાર વસ્તી વળતરની અનુકૂળ સ્થિતિનો લાભ ઈ.સ. 1964 થી 2004 સુધી લીધો હતો. એને પરિણામે જાપાન એ વિશ્વનો ઝડપથી વિકસિત દેશ બન્યો હતો. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNPF) ના મંતવ્ય અનુસાર વસ્તીના 15 થી 64 વર્ષના વયજૂથમાં વધારો થવાને પરિણામે ખાસ કરીને બિન કામકાજી (આશ્રિત ગ્રૂપ) કરતાં વધારો થવાથી આર્થિક વૃદ્ધિ કે વિકાસની તકોમાં વધારો થાય. તે વસ્તીનું વળતર કે ડેમોગ્રાફીક ડિવિડન્ડ કહેવાય છે.

ભારતમાં ઈ.સ. 2018-19ના વર્ષથી ડેમોગ્રાફીક ડિવિડન્ડની સ્થિતિ ધ્યાનમાં આવી

છે. ભારતમાં 2018થી 15 થી 64 વર્ષનું વયજૂથ મોટું થવા પામ્યું છે અને તેથી જ ભારતને 'યુવા દેશ' કહેવામાં આવે છે. ઈ.સ. 2020માં વિશ્વના જુદા જુદા દેશોમાં સરેરાશ વયનું પ્રમાણ આ મુજબ હતું. જાપન 49 વર્ષ, યુરોપ અને અમેરિકા 45 વર્ષ, ચીન 37 વર્ષ અને ભારત 28 વર્ષ. આમ ભારત એ વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તીવાળો દેશ છે. 15 થી 65 વર્ષનું કામકાજી ઉત્પાદક વય જૂથ ભારતની કુલ વસ્તીમાં અત્યારે 62.5 ટકા છે. જે 1936માં 65 ટકા થવા પામશે તેવો અંદાજ છે. વર્ષ 2041માં ભારત યુવા વસ્તી એટલે કે કામકાજી વસ્તીના કદની રીતે સૌથી ઊંચા સ્તરે હશે અને વિશ્વના સૌથી યુવા વસ્તી વાળા દેશ તરીકે ભારત ઈ.સ. 2055-56 સુધી રહેશે. અથવા તો યુવા દેશનું સ્થાન ટકાવી રાખશે. આમ ભારતમાં હજુ આશરે સાડાત્રણ દાયકા સુધીનો સમય એ વસ્તીના ઊંચા વળતરનો સમય છે. જેનો ઉપયોગ જેટલા વધુ પ્રમાણમાં કરી શકાશે તેટલા અંશે ભારત ઝડપથી વિશ્વની ટોચની આર્થિક મહાસત્તાઓમાં સ્થાન પામશે. આ સમયગાળા દરમ્યાન વિશિષ્ટ રાષ્ટ્ર બનશે.

## 3.2 યુવા દેશ તરીકે પરિવર્તન કઈ રીતે ?

કોઈપણ દેશમાં વય જૂથમાં પરિવર્તન વડે કમાઉ વર્ગ અને આશ્રિત વર્ગનું પ્રમાણ નક્કી થાય છે. વય જૂથમાં ફેરફાર થવા પાછળ મહદ્અંશે જન્મદરના ફેરફારો જવાબદાર હોય છે. ભારતમાં આઝાદીના સમયે ઊંચા વસ્તીવૃદ્ધિ દરની પરિસ્થિતિ હતી અને તેમાં વધારો થતો જતો હતો. ઈ.સ. 1975ના અરસામાં ભારતમાં જન્મદરનું પ્રમાણ ઘણું ઊંચું હતું અને વર્ષ 1998-2000માં ભારતની વસ્તી એક અબજે પહોંચી હતી. આ સમયગાળા દરમ્યાન વસ્તી વૃદ્ધિનો દર એટલેકે 20મી સદીના અંત સુધી ઊંચો હતો પરંતુ ત્યારપછી 21મી સદીમાં જન્મદર અસરકારક રીતે ઘટવા માંડ્યો છે. આના પરિણામે વર્ષ 2000ની આસપાસ ઊંચા જન્મદરે વસ્તીમાં ઉમેરાયેલાં બાળકો 2018ની આસપાસ મોટા પ્રમાણમાં શ્રમપુરવઠામાં ઉમેરાવા લાગ્યા અને જન્મદર અસરકારક રીતે ઘટવાથી નવા બાળકોનો ઉમેરો સાપેક્ષ રીતે મર્યાદિત થતો ગયો. આથી પ્રતિવર્ષ 15 વર્ષથી ઉપરના વયના લોકોનું પ્રમાણ વસતિમાં વધતુ જાય છે અને 15 વર્ષથી નીચેના વયજૂથમાં સાપેક્ષ રીતે ઉમેરો મર્યાદિત થતો જાય છે. હવે આગામી ઘણા વર્ષો સુધી ભારતમાં શ્રમ બજારમાં વધુમાં વધુ લોકો પ્રવેશ કરતા હશે. બીજી બાજુથી કુલ વસ્તીમાં 15 વર્ષથી ઓછી વયના લોકોનું પ્રમાણ સાપેક્ષ રીતે ઓછું થતું જશે.

આમ ભારત અતિ વસ્તીવાળા દેશમાંથી યુવા દેશ તરીકે પરિવર્તીત થયો.

## 3.3 વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) અનુસાર વસ્તી વિષયક ડિવિડન્ડનો અર્થ છે - "વસ્તીના વય માળખામાં ફેરફારને કારણે આર્થિક વૃદ્ધિની સંભવિતતા" મુખ્યત્વે જ્યારે કાર્યકારી વયની વસ્તુનો હિસ્સો મોટો હોય અને બિનકાર્યકારી વયનો હિસ્સો તેનાથી ઓછો હોય.

**કાર્યકારી વય જૂથ :**

કાર્યકારી વયની વસ્તી એટલે કે 15 થી 64 વર્ષના વય જૂથ ધરાવતી વસ્તીનું પ્રમાણ કે જેને Young age group કહેવાય છે. આપણા દેશમાં વર્ષ 2005થી young age groupનું પ્રમાણ ધીરે ધીરે વધવા પામ્યું છે અને આ પ્રમાણ 2055 સુધી ઊંચુ રહેશે. વિશ્વના અન્ય દેશો કરતાં ભારતમાં આ young age group એટલે કે (15 થી 64 વયની વયજૂથ ધરાવતી વસ્તીનું પ્રમાણ) કાર્યકારી વય ધરાવતી વસ્તીનું પ્રમાણ સૌથી ઊંચુ જોવા

મળે છે. આ વય જૂથના લોકો વધુ મહેનત કરી વધુ કમાય છે અને દેશની બાકીની વસ્તીને પોતાની કમાણીમાંથી નિભાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આવી વસ્તી population dividend છે. જેવી રીતે કોઈ કંપનીના શેરમાં પૈસા રોકવાથી કંપનીના નફામાંથી શેરધારકને ડિવિડન્ડ સ્વરૂપે પૈસાનું Return મળે છે. તેવી જ રીતે કાર્યકારી જૂથની વસ્તી પણ કામ કરી, વધારે સારું ઉત્પાદન મેળવી, એક ઉત્પાદક તરીકે રાષ્ટ્રના વિકાસમાં મદદ કરે છે. જેને વસ્તીનું રીફંડ પણ કહી શકાય. આ વયજૂથની વસ્તીની કાર્યક્ષમતા અન્ય વયજૂથની વસ્તીની કાર્યક્ષમતા અન્ય વયજૂથના વસ્તી કરતાં ઘણી ઊંચી હોય છે.

કોઈપણ રાષ્ટ્રની સંપત્તિ વિશાળ જમીનો, મહાકાય કારખાનાઓ, બિલ્ડીંગો કે ભૌતિક સંપત્તિ નથી. પરંતુ તેની સાચી સંપત્તિ તંદુરસ્ત, નિરોગી, કાર્યકુશળ અને ઊંચી કાર્યક્ષમતા ધરાવતા યુવાનો છે. જે રાષ્ટ્રની ભૌતિક સંપત્તિનું સર્જન કરે છે. રાષ્ટ્રની ભૌતિક સુવિધાઓ વડે લોક કલ્યાણ અને લોકહિતાર્થે ઉત્પાદન કરી દેશની વસ્તીની પ્રાથમિક, સુખસગવડની અને મોજશોખની જરૂરિયાતો પૂર્ણ કરવા શક્તિમા બને છે. આ વયજૂથની વસ્તીમાં કરેલું માનવ મૂડીરોકાણ ગુણાંકનના રૂપમાં રાષ્ટ્રને પરત મળે છે. જેને સાદી ભાષામાં વસ્તી વિષયક ડિવિડન્ડ કહેવાય.

**બિન કાર્યકારી વય જૂથ :**

બિન કાર્યકારી વય જૂથ એટલે 0 થી 14 વર્ષની વય જૂથ કે જેઓ બાળકો છે અને 65 વર્ષથી ઉપરના વય જૂથના વૃદ્ધો કે કામ કરવા શક્તિમાન નથી. આ બંને વય જૂથના લોકો એટલે કે બાળકો અને વૃદ્ધાવસ્થામાં પહોંચેલા વડીલો કામ કરવા માટે અશક્ત છે, નિર્બળ છે. જેઓ પોતાનું જીવન ટકાવવા માટે બીજા ઉપર આધારિત છે. આ બિનકાર્યકારી વય જૂથના લોકો કાર્યકારી વય જૂથના આશ્રિતો છે. તેમના જીવનધોરણ ટકાવવા માટે કાર્યકારી વય જૂથ ઉપર નિર્ભર છે.

## 3.4 ભારતમાં વય જૂથ મુજબ વસ્તીનું પ્રમાણ (છેલ્લો દશક)

ભારતમાં છેલ્લાં દશકા દરમ્યાન જુદા જુદા વય જૂથના લોકોનું પ્રમાણ ટેબલ 1 મુજબ જાણી શકાય છે.

### ટેબલ - 1

**ભારત છેલ્લાં દશકાનું વય જૂથ પ્રમાણે (ટકાવારીમાં) (વર્ષ 2010 થી 2020)**

| વર્ષ | 0 થી 14 વર્ષ વયજૂથ (ટકામાં) | 15 થી 64 વર્ષ વયજૂથ (ટકામાં) | 65 વર્ષથી ઉપરનું વયજૂથ (ટકામાં) |
|---|---|---|---|
| 2010 | 30.81 | 64.11 | 5.08 |
| 2011 | 30.40 | 64.43 | 5.17 |
| 2012 | 29.92 | 64.81 | 5.27 |
| 2013 | 29.43 | 65.21 | 5.36 |
| 2014 | 28.93 | 65.60 | 5.48 |
| 2015 | 28.44 | 65.94 | 5.61 |
| 2016 | 27.93 | 66.27 | 5.79 |

| | | | |
|---|---|---|---|
| 2017 | 27.48 | 66.54 | 5.98 |
| 2018 | 27.05 | 66.77 | 6.18 |
| 2019 | 26.62 | 67.00 | 6.38 |
| 2020 | 26.16 | 67.27 | 6.57 |

**પ્રાપ્તિ સ્થાન :** India population statstics 2022. Current population of India

ટેબલ-1 મુજબ જોતાં સ્પષ્ટ જણાય છે કે વર્ષ 2010 થી 0.14 વર્ષના બાળકોનું પ્રમાણ ધીમી ગતિએ ઘટતું જાય છે. 21મી સદીમાં મહિલાઓના શિક્ષણ પ્રમાણમાં વધારો, સામાજિક-રાજકીય ભાગીદારી, શહેરીકરણ અને વિભક્ત કુટુંબ પ્રથાને કારણે બાળકોના જન્મ ઉપર અંકુશ આવતો ગયો છે. બાળક એ ઈશ્વર કે પ્રભુનો પ્રસાદ જેવી પરંપારીક માન્યતા ભૂંસાતી જાય છે. બાળક એક જવાબદારી છે અને તેના ઉછેર, પાલન, ભરણ-પોષણ, શિક્ષણ વગેરે પ્રત્યે મહિલા જાગૃત બની છે. વળી આરોગ્ય સુવિધાઓ વધતાં મહિલા નિશ્ચિંત બની છે અને વધુ બાળકોને જન્મ આપવાનું ટાળી રહી છે. પરિણામે 0 થી 14 વર્ષના બાળકોનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. બીજી બાજુ 65 વર્ષથી ઉપરના સિનિયર સિટીઝન્સનું પ્રમાણ ધીમી ગતીએ સતત વધતું જોવા મળે છે. આરોગ્ય વિષયક સુવિધાઓનું પ્રમાણ વધતું ગયું છે. ગ્રામીણ ક્ષેત્રે પણ સરકારી દવાખાનાઓ અને ખાનગી દવાખાનાઓ સ્થપાતા બીમારી સામે તાત્કાલીક રક્ષણ મળી રહે છે. રાષ્ટ્રના આર્થિક વિકાસને કારણે રાષ્ટ્રીય આવકમાં વધારો થતાં માથાદીઠ આવકો વધી છે. જેથી લોકોનું જીવનધોરણ ઊંચુ ગયું છે. વળી આરોગ્ય પ્રત્યે લોકોની સભાનતા વધી છે. ટી.વી. અને મલ્ટીમીડિયાના માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર વધતાં લોકોમાં જાગૃતિ આવી છે. સરકારી યોજનાઓના લાભો સરળતાથી પ્રાપ્ત થતાં હોવાથી સિનિયર સીટીઝનો કે વૃદ્ધોનું સરેરાશ આયુષ્ય પણ વધ્યું છે. પરિણામે 65 વર્ષથી ઉપરની વ્યક્તિઓનું ટકાવારી પ્રમાણ થોડુક વધ્યું છે. 0 થી 14 વર્ષના બાળકો અને 65 વર્ષથી ઉપરના વૃદ્ધો તેમની શારીરિક અશક્તિ અને કામ કરવાની ક્ષમતા ખૂબ જ નીચી હોય છે. આથી તેઓ બિનકાર્યકારી વયજૂથના કે આશ્રિતોના વર્ગમાં સમાવિષ્ટ થાય છે.

ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો વર્ષ 2010માં 0 થી 14 વર્ષના (30.81 ટકા) અને 65 વર્ષથી ઉપરની વયજૂથના (5.08 ટકા) મળીને કુલ 35.89 ટકા આશ્રિત વર્ગના હતા. જ્યારે વર્ષ 2020માં આ પ્રમાણ ઘટીને (0 થી 14 વર્ષના 26.16 ટકા અને 65 વર્ષથી ઉપરના 6.57 ટકા) 32.73 ટકા છે. આ બંને વયજૂથનું ટકાવારી પ્રમાણ ઘટ્યું. જે સ્પષ્ટ દર્શાવે છે કે ત્રીજું વયજૂથનું પ્રમાણ વધ્યું છે.

ટેબલ-1માં જોઈ શકાય છે કે 15 થી 64 વર્ષના વયજૂથમાં ટકાવારીની દૃષ્ટિએ સતત વધારો જોવા મળ્યો છે. છેલ્લાં દશકામાં ક્યાંય ઘટાડો જોવા મળ્યો નથી. મોટે ભાગે એક ટકાની અંદર ધીમી ગતિએ આ કાર્યકારી વયજૂથમાં વર્ષવાર સુધારો જોવા મળ્યો છે. વર્ષ 2010માં આ કાર્યકારી વયજૂથનું ટકાવારી પ્રમાણ 64.11 હતું. જે વધીને વર્ષ 2020માં **67.27** ટકા થયું. આમ શ્રમદળમાં ઊંચો ઊછાળો જોવા મળે છે. આ વયજૂથનું ટકાવારી પ્રમાણ દુનિયાના કોઈપણ દેશની તુલનાએ ઊંચુ છે. જે ભારત દેશના આર્થિક વિકાસમાં ઝડપથી વધારો કરશે અને વિશ્વમાં ભારતને મહાસત્તા બનાવવામાં ઉપયોગી નીવડશે.

ભારતમાં ગરીબી, મોંઘવારી, આવકની અસમાનતા, શાળાઓની અછત, નબળું શિક્ષણ માળખું અને અર્થતંત્રમાં અસંગઠિત ક્ષેત્રોની વૃદ્ધિને કારણે બાળમજૂરીનું પ્રમાણ વધતું

ગયું છે. વર્ષ 2011ની વસ્તી ગણતરીના આંકડા અનુસાર ભારતમાં બાળ મજૂરોની સંખ્યા 10.1 મિલીયન (1 કરોડ 1 લાખ) જેટલી છે. જે પૈકી 5-6 મિલીયન છોકરાઓ અને 4-5 મિલીયન છોકરીઓ છે. આમ બાળમજૂરી એ દેશ માટે કલંકરૂપ કહી શકાય. પરંતુ આ બાળમજૂરો પણ વસ્તી વિષયક વળતર એટલે કે ડિવિડન્ડ સ્વરૂપ ગણાય. લગભગ બધા જ બાળમજૂરો અસંગઠિત ક્ષેત્રે કામ કરે છે તેના અનેક કાયદાઓ હોવા છતાં વધતી વસ્તીને કારણે બાળમજૂરીને રોકવી એ એક પડકાર દેશ સમક્ષ રહેલો છે.

ભારતના બંધારણની કલમ 24 હેઠળ બાળમજૂરી પ્રતિબંધિત છે. ભારતીય દંડ સંહિતા બાળકોનો અધિનિયમ 2000નો જુવેનાઈલ જસ્ટીસ (સંભાળ અને રક્ષણ) અને બાળમજૂરી (પ્રતિબંધ અને નાબૂદી) અધિનિયમ 1986 ભારતમાં બાળમજૂરીને ઓળખવા, તેની સામે કાર્યવાહી કરવા અને રોકવા માટે કાયદાનો આધાર પૂરો પાડે છે. તેમ છતાં કાયદાના કડક અમલનો અભાવ, કાયદાના અમલનો વિલંબ એ બાળમજૂરીને રોકી શકાતું નથી. ભારતીય અર્થતંત્રના લગભગ તમામ અસંગઠિત નાના પાયાના અનૌપચારિક ક્ષેત્રોમાં બાળમજૂરી વિશેષ જોવા મળે છે.

## 3.5 ભારતમાં શ્રમદળ અંગેના અંદાજો

સામાન્ય રીતે શ્રમદળ એટલે કે જેની કામ કરવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી છે. તેનો સમાવેશ શ્રમદળમાં થાય છે. શ્રમદળમાં 15 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોનો સમાવેશ થાય છે. જેઓ ચોક્કસ સમયગાળા દરમ્યાન માલ અને સેવાઓના ઉત્પાદન માટે શ્રમ પૂરો પાડે છે. શ્રમદળમાં જેઓ હાલમાં નોકરી કરે છે અને જે લોકો બેકાર છે પરંતુ કામની શોધમાં છે. તેમજ પ્રથમ વખત નોકરી શોધનારા લોકોનો સમાવેશ થાય છે. જે લોકો વેતન વિહીન એટલે કે અવેતન કામદારો કે શ્રમિકો, કૌટુંબિક કામદારો (જેમ કે મહિલાઓ-કુટુંબના સભ્યો ઘરકામ) અને વિદ્યાર્થીઓને શ્રમદળ જૂથમાં ઘણીવાર છોડી દેવામાં આવે છે. જ્યારે કેટલાંક દેશોમાં સશસ્ત્રદળોના સભ્યોની ગણતરી પણ શ્રમદળમાં કરવામાં આવતી નથી. મોસમી કામદારો કે કૃષિક્ષેત્રે સંકળાયેલા શ્રમિકો મોસમ (ઋતુગત) મુજબ કામ મળે ત્યારે શ્રમદળમાં પ્રવેશ કરે છે અને મોસમ સિવાય કામ છોડે છે. ત્યારે વર્ષ દરમ્યાન શ્રમદળનું કેન્દ્ર બદલાતું હોય છે. આ અંગે જુદા જુદા સર્વે અને જુદી જુદી સંસ્થાઓએ દેશમાં વસ્તીના વય બંધારણ અંગે જુદા જુદા અંદાજો રજૂ કર્યા છે.

### (1) વિશ્વ બેંકનો અંદાજ :

ભારતમાં 2021માં શ્રમદળની કુલ સંખ્યા 47,12,95,529 નોંધાઈ હતી. વિશ્વ બેંકના વિકાસ સૂચકાંકોના સંગ્રહ અનુસાર સત્તાવાર રીતે માન્યતા પ્રાપ્ત સ્ત્રોતોમાંથી સંકલિત કરવામાં આવ્યા હતા. ભારતમાંથી શ્રમદળ, કુલ વાસ્તવિક મૂલ્યો, ઐતિહાસિક ડેટા, આગાહીઓ અને અનુમાનો વિશ્વ બેંક તરફથી જુલાઈ 2022ના રોજ પ્રાપ્ત થયા હતા

### (2) UNA Population Statistical Database :

યુ.એન. પોપ્યુલેશન સ્ટેટસ્ટીકલ ડેટાબેઝ મુજબ વર્ષ 2020થી વર્ષ 2050 વચ્ચે ભારતમાં 15-64 વર્ષની વયજૂથમાં વધુ 183 મિલીયન લોકો ઉમેરાશે. આમ આગામી ત્રણ દાયકામાં વૈશ્વિક વર્ક ફોર્સમાં 22 ટકા વધારો ભારતમાં આવશે. ભારત ડેમોગ્રાફીક ડિવિડન્ડના તબક્કામાં છે. જેમાં વર્ષ 2011 સુધીમાં કુલ વસ્તીનો અડધો ભાગ કાર્યકારી વયજૂથમાં છે અને બે દાયકાથી વધુ સમય સુધી આ ઝોનમાં રહેશે.

**(3) International Monetary Fund (IMF) :**

International Monetary Fundના working paperમાં જણાવ્યું છે કે વર્ષ 1980ના દાયકાથી ભારત દ્વારા અનુભવાયેલી વૃદ્ધિનો નોંધપાત્ર હિસ્સો દેશની વય બંધારણ અને બદલાતી વસ્તી વિષયકતાને આભારી છે. ભારત નજીકના ભવિષ્યમાં વૈશ્વિક વસ્તી વિષયક સંક્રમણમાં સૌથી વધુ વ્યક્તિગત યોગદાન આપનાર દેશ હશે.

**(4) Central Monitering Indian Economy (CMIE) :**

ભારતમાં શ્રમદળ માર્ચ 2022માં 428.4 મિલીયનથી વધીને એપ્રિલ 2022માં 437.2 મિલિયન થઈ ગયું છે. જે સૌથી મોટા માસિક વધારામાંનો એક છે. જેઓ શ્રમદળની બહાર હતા તેઓ એપ્રિલમાં શ્રમબજારમાં પાછા જોડાયા હતા. – (CMIE 12 May 2022)

**(5) યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA) :**

યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ દ્વારા ભારતમાં ડેમોગ્રાફીક ડિવિડન્ડ પર કરવામાં આવેલા અભ્યાસમાં બે રસપ્રદ તથ્યો સામે આવ્યા છે. ભારતમાં વસ્તી વિષયક ડિવિડન્ડની તકની વિન્ડો 2005-06થી 2055-56 સુધીના પાંચ દાયકાઓ માટે ઉપલબ્ધ છે. જે વિશ્વના કોઈપણ દેશ કરતાં વધુ લાંબી છે અને વસ્તીના પરિમાણોમાં વિભેદક વર્તનને કારણે વસ્તી વિષયક ડિવિડન્ડ વિન્ડો વિવિધ રાજ્યોમાં જુદા જુદા સમયે ઉપલબ્ધ છે.

વસ્તી વિષયક ડિવિડન્ડની વ્યાખ્યા અનુસાર વસ્તી વિષયક ડિવિડન્ડનો અર્થ યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ મુજબ "વસ્તીના વય માળખામાં ફેરફારને કારણે આર્થિક વૃદ્ધિની સંભવિતતા, મુખ્યત્વે જ્યારે કાર્યકારી વયની વસ્તીનો હિસ્સો (15 થી 64 વર્ષ) મોટો હોય અને 14 અને તેનાથી નાની અને 65 કે તેથી વધુ ઉંમરની વસ્તીનો હિસ્સો ઓછો હોય છે."

**(6) Economic Survey (2018-19) :**

ભારતમાં 62.5 ટકા વસ્તી 15-59 વર્ષની વયજૂથમાં છે. જે સતત વધતી રહે છે અને વર્ષ 2036ની આસપાસ ટોચની સ્થિતિ પર હશે. જ્યારે તે આશરે 65 ટકા સુધી પહોંચશે. આ વસ્તી પરિમાણો ભારતમાં વસ્તી વિષયક ડિવિડન્ડની ઉપલબ્ધતા દર્શાવે છે. જે 2005-06માં શરૂ થઈ હતી અને 2055-56 સુધી ચાલશે. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર ભારતનું ડેમોગ્રાફીક ડિવિડન્ડ 2041ની આસપાસ ટોચ ઉપર રહેશે.

**(7) અન્ય અંદાજો :**

ભારતની કુલ કાર્યકારી વસ્તીના 94 ટકાથી વધુ અસંગઠિત ક્ષેત્રનો ભાગ છે. સ્થાનિક પરિભાષામાં ભારતમાં સંગઠિત ક્ષેત્ર અથવા ઔપચારિક ક્ષેત્ર એ લાઈસન્સ પ્રાપ્ત સંસ્થાઓનો સંદર્ભ આપે છે, એટલે કે જેઓ નોંધાયેલા છે અને GST ચૂકવે છે. આમાં સ્થાનિક સ્વરૂપે વેપાર કરતી કંપનીઓ સમાવિષ્ટ અથવા ઔપચારિક રીતે નોંધાયેલાં એકમો, કોર્પોરેશનો, ફેક્ટરીઓ, શોપીંગ મોલ્સ, હોટેલ્સ અને મોટા વ્યવસાયોનો સમાવેશ થાય છે. અસંગઠિત ક્ષેત્ર જેને પોતાના એકાઉન્ટ એન્ટરપ્રાઈઝ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે તમામ બિન લાઈસન્સ, સ્વરોજગાર અથવા બિન નોંધણી વગરની આર્થિક પ્રવૃત્તિઓનો સંદર્ભ આપે છે. જેમ કે માલિક દ્વારા સંચાલિત જનરલ સ્ટોર્સ, હસ્તકલા અને હાથશાળના કામદારો, ગ્રામીણ વેપારીઓ, ખેડૂતો, કામદારો, બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકો વગેરે અસંગઠિત ક્ષેત્રે કાર્ય કરે છે.

ભારતમાં વર્ષ 2020માં 501 મિલીયન વર્કર છે. જે ચીન કરતાં બીજા ક્રમે છે.

## 3.6 વસ્તી વિષયક ડિવિડન્ડ સાથે સંકળાયેલા ફાયદાઓ

દેશમાં ઉચ્ચ કાર્યકારી વસ્તી એટલે કે 15 થી 64 વર્ષની વયજૂથની વસ્તીનું પ્રમાણ વધુ હોય, આશ્રિત વસ્તી એટલેકે 0 થી 14 વર્ષ અને 65 વર્ષથી ઉપરની વયજૂથનું પ્રમાણ ઓછું હોય તેથી દેશની આર્થિક પ્રવૃત્તિઓ વધુ થઈ શકે. આર્થિક વૃદ્ધિ દર અને આર્થિક વૃદ્ધિ સારી થઈ શકે અને તે માટે કેટલાંક ફાયદાઓ દેશમાં થાય છે.

### (1) શ્રમદળના પુરવઠામાં વધારો :

દેશમાં જ્યારે યુવા વર્ગ વધુ પ્રમાણમાં હોય ત્યારે શ્રમદળનો પુરવઠો એટલે કે કામ કરનાર વર્ગમાં વધારો થાય છે. જે રાષ્ટ્રના ઉત્પાદનમાં વધારો કરે છે. વસ્તી વિષયક ડિવિડન્ડ દ્વારા સંસાધનોને બાળકો પરના ખર્ચમાંથી ભૌતિક અને માનવીય માળખામાં રોકાણ કરવા તરફ વાળવા માટે નાણાકીય વધારો થશે. વળી શ્રમદળના પુરવઠામાં વધારો થતાં મહિલાઓ પણ શ્રમકાર્યમાં જોડાય છે. શ્રમકાર્યમાં શારીરિક અને માનસિક કાર્યનો સમાવેશ થાય છે. યુવા મહિલાઓના કાર્યબળમાં વધારો થતાં કુદરતી રીતે જ તેમનામાં પ્રજનન ક્ષમતામાં ઘટાડો થાય છે. આ યુવા મહિલાઓની પ્રજનન ક્ષમતા ઊંચી હોય છે. જે દેશમાં વસ્તીવૃદ્ધિમાં પરિણમે છે. પરંતુ યુવા મહિલાઓના કાર્યબળમાં વધારો થતાં તેમની પ્રજનન ક્ષમતા ઘટવાથી વસ્તી વૃદ્ધિનો નવો સ્ત્રોત વસ્તી ઘટાડા સ્વરૂપે બની શકે છે. વસ્તી વૃદ્ધિનો દર ઘટવા પામશે. પરિણામે આશ્રિત વસ્તીના કુલ પ્રમાણમાં ઘટાડો લાવશે.

### (2) બચત, મૂડીરોકાણમાં વધારો :

દેશના કાર્યકારી વયજૂથમાં વધારો થતાં દેશની રાષ્ટ્રીય આવકમાં વધારો થાય છે. વ્યક્તિગત અને રાષ્ટ્રની કુલ બચતોમાં વધારો થાય છે. વ્યક્તિગત બચતો વધતાં લોકોની સુખાકારીમાં વધારો થાય છે. લોકોનું જીવનધોરણ ઊંચુ જાય છે. વ્યક્તિગત બચતો વધતાં બાળકોના ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર મૂકાય અને આ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર બાળકો ભવિષ્યમાં રાષ્ટ્ર માટે વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી શકશે. વળી વ્યક્તિગત બચતો વધતાં વ્યક્તિગત ઉત્પાદકીય મૂડીરોકાણમાં પણ વધારો થશે. બીજી બાજુ દેશની કાર્યકારી વયજૂથના લોકોમાં વધારો થતાં આવક અને બચતો વધે છે. રાષ્ટ્રની બચતો વધતાં રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પ્રકારની યોજનાઓનું આયોજન થશે. લોકકલ્યાણ માટે સરકાર નાણો ફાળવી, લોકોની આવકમાં વધારો કરી લોકોનું જીવનધોરણ ઊંચુ લાવશે. વળી સરકાર પણ બચતોમાં વધારો થતાં વિવિધ પ્રકારે ઉત્પાદકીય મૂડીરોકાણ કરશે. પરિણામે દેશમાં રોજગારીનું કુલ પ્રમાણ વધવા પામશે. રોજગારીનું સર્જન થતાં ફરી લોકોની આવક વપરાશ બચત-મૂડીરોકાણ-ઉત્પાદનમાં વધારો રોજગારીમાં વધારો થાય છે. આમ ગતિશીલ અર્થતંત્ર કે આર્થિક ચક્ર ચાલુ રહેશે. જે દેશની વસ્તી અને રાષ્ટ્ર માટે હિતકારી સાબિત થશે.

### (3) કુલ માંગમાં વધારો :

કાર્યકારી વયજૂથમાં વધારો થતાં તેમની રોજગારીની તકોમાં વધારો થશે. આવકો વધતાં આ વર્ગની અન્ય ચીજવસ્તુઓ કે સેવાઓની માંગમાં વધારો થશે. જે ઉત્પાદન વધારવા ઉત્પાદકોને પ્રોત્સાહન આપશે. ઉત્પાદનના સાધનોને રોજગારીની તકો વધતાં ફરી તેઓની માંગમાં વધારો થશે. આમ રોજગારી-આવક-માંગ-ઉત્પાદનોમાં વધારો-રોજગારી અને આવક-માંગનું ચક્ર અર્થતંત્રમાં ચાલુ રહેશે. અર્થતંત્ર ગતિશીલ બનશે.

### (4) મહત્ત્વકાંક્ષી વર્ગનો ઉદય :

દેશમાં યુવા વર્ગ અસ્તિત્વમાં આવતાં તેની રોજગારીની તકોમાં વધારો થાય છે.

મોટે ભાગે મધ્યમવર્ગીય સમાજ તરફ મોટા પાયે પરિવર્તન આવે છે. તેઓની વણ સંતોષાયેલી જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ બને છે. આવી વણ સંતોષાયેલી જરૂરિયાતો બજારમાં માંગ સ્વરૂપે આવતા અર્થતંત્રમાં ઉત્પાદન-ઉત્પાદનના સાધનોને રોજગારી સ્વરૂપે આવકો પ્રાપ્ત થતાં ફરી અન્ય ચીજોની માંગમાં વધારો થાય છે. અર્થતંત્ર ગતિશીલ બને છે અને એક નવો મધ્યમ વર્ગીય મહત્વકાંક્ષી વર્ગનો ઉદય થાય છે.

**(5) ડેમોગ્રાફીક ડિવિડન્ડનું ઐતિહાસિક પુનરાવર્તન :**

ઐતિહાસિક રીતે જોતાં ડેમોગ્રાફીક ડિવિડન્ડ એકંદરે વૃદ્ધિમાં 15 ટકા સુધીનું યોગદાન આપ્યું છે. જાપાનમાં વર્ષ 1964 થી વર્ષ 2004 સુધી ડેમોગ્રાફીક (વસ્તી) ડિવિડન્ડનો તબક્કો હતો. તે સમયે ઝડપી ઔદ્યોગિકરણ અને શહેરીકરણને કારણે જાપાને ખૂબ પ્રગતિ કરી અને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી શક્યું. આપણા દેશમાં પણ ડેમોગ્રાફીક ડિવિડન્ડનો લાભ પ્રાપ્ત કરવા માટે શિક્ષણ, કૌશલ્ય, તાલીમ અને ટેકનોલોજીકલ ઉપયોગથી માનવ સંસાધનને યોગ્ય રોજગારીની તકો પ્રાપ્ત થાય તો જાપાન કરતાં અનેકગણી આર્થિક વિકાસની શક્યતાઓ છે. વિશ્વમાં મહાસતા પ્રાપ્ત કરવાની ભારતની ક્ષમતા ઉભરતા યુવા વર્ગને કારણે જણાઈ રહી છે.

**(6) અસરકારક નીતિ નિર્માણ :**

દેશમાં ગમે તેટલી કુદરતી સંપત્તિ હોય પરંતુ જો માનવ સંસાધન ન હોય તો વિકાસમાં ઘણી અડચણો પેદા થાય. ભારત દેશમાં કાર્યકારી વયજૂથની વસ્તી આશ્રિત વસ્તી કરતાં ઘણી છે. પરિણામે સરકાર વિવિધ પ્રકારની યોજનાઓ કે કાર્યક્રમો અમલમાં મૂકે અથવા ભાવિ આયોજન અને તેના અમલીકરણ માટે યુવા કાર્યકારી વયજૂથની વસ્તી કટિબદ્ધ બને છે. યુવા વર્ગ સરકારની તમામ યોજનાઓને પૂર્ણ કરવા સક્ષમ છે. કાર્યકારી વયજૂથને કારણે જ સરકારની વિવિધ યોજનાઓ આર્થિક વિકાસનું એન્જીન બને છે. કોઈપણ દેશની આર્થિક વૃદ્ધિનો આધાર આશ્રિત વસ્તી કરતાં કાર્યકારી વયજૂથ ઉપર નિર્ભર છે. યોગ્ય અસરકારક નીતિઓનું નિર્માણ થવામાં આ વયજૂથનો સિંહફાળો હોય છે. લોકોને સામાજીક અને આર્થિક લાભોની પ્રાપ્તિ કાર્યકારી વયજૂથ દ્વારા થાય છે. હજુ દેશમાં 2055-56 સુધી કાર્યકારી વયજૂથને કારણે આર્થિક વિકાસના ફળ આપણે ચાખી શકીશું.

**(7) બાળકોના ઉછેર પાછળ ઓછો ખર્ચ :**

ભારતમાં બાળકોના જન્મદર ઘટતાં બાળકોના ઉછેર પાછળ થતો ખર્ચ ઘટીને વિકાસ તરફ ખર્ચ વધે છે. ફર્ટીલીટી (પ્રજનન દર) ઘટતાં જન્મ ઘટે છે. ઉછેર પાછળનું ખર્ચ ઘટતાં આર્થિક વિકાસના માળખા તરફ વધુ રોકાણ વાળી શકાય છે. મૂડીરોકાણ તરફ ફંડ વળે છે. તેથી પણ આર્થિક વૃદ્ધિ ઝડપથી વધે છે. માનવ માળખામાં પરિવર્તન આવતા સામાજિક માળખું વિકસે છે. જેમ કે આરોગ્ય, પોષણ અને શિક્ષણ પાછળ વધુ ખર્ચ ફાળવી શકાય. તેથી માનવીની ઉત્પાદકતા વધે છે. વળી ફર્ટીલીટી દર ઘટતા મહિલા શ્રમિકોના પુરવઠામાં વધારો થાય છે અને મહિલાઓ વધુ સમય ઉત્પાદક શ્રમ પાછળ આપી શકે છે અને તે રીતે એકંદર મહિલા શ્રમ પુરવઠો વધે છે. જે અર્થતંત્રમાં આર્થિક વૃદ્ધિમાં પરિણમે છે.

**(8) શહેરીકરણ અને નવપ્રવર્તનો વધે :**

દેશમાં શ્રમનો પુરવઠો વધતાં શહેરીકરણ વધે છે. કારણ કે શ્રમિક ગ્રામીણ યુવાનો રોજગારી અર્થે શહેરો તરફ વળે છે. શહેરીકરણ વધવા સાથે સેવાક્ષેત્રનો વિકાસ થાય છે. રોજગારી શોધતા યુવાનો વધુ સારી તકો માટે પ્રયત્નશીલ બને છે. સારી તકો પ્રાપ્ત

કરવા નવી નવી આર્થિક પ્રવૃત્તિઓ વિકસાવે છે. તે પૈકી ઘણા નવપ્રવર્તનો સર્જાય છે. દેશમાં નવ પ્રવર્તનો વધતાં દેશ આર્થિક રીતે સદ્ધર બને છે. માળખાકીય સુવિધાનો વિકાસ થાય છે અને તેના મીઠા ફળ ઉત્પાદન સ્વરૂપે રાષ્ટ્રને મળે છે.

## 3.7 વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામે પડકારો

વિદ્વાનો સૂચવે છે કે ભારતના શ્રમબજારની અસમર્થતા અને માળખું, અનૌપચારિક અર્થતંત્રનું કદ, ઉદ્યોગોને વધતા જતા અટકાવતી કાનૂની અડચણો અને આધુનિક ઉત્પાદન તકનિકોનો અભાવ એ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ સામેના મોટા પડકારો છે. વળી બીજા પણ કેટલાંક પડકારો નીચે મુજબના ગણાવી શકાય.

### (1) કૌશલ્યનો અભાવ :

ભારત કાર્યકારી વયજૂથ ધરાવતો ધનિક દેશ વસ્તીના વયજૂથ બંધારણમાં ગણી શકાય. પરંતુ આ વયજૂથની વસ્તી માટે ભવિષ્યમાં સર્જાતી મોટા ભાગની નવી નોકરીઓ અત્યંત કુશળ હશે. ભારતીય કર્મચારીઓમાં કૌશલ્ય અને તાલીમનો અભાવ એ એક મોટો પડકાર છે. ઓછું માનવ મૂડીરોકાણ અને કૌશલ્યના અભાવે ભારત વસ્તી વિષયક વળતરની તકોનો લાભ ઉઠાવી શકશે નહીં. આ એક મોટો પડકાર છે.

### (2) નીચા માનવ વિકાસ પરિમાણો :

UNDPના માનવ સૂચકાંકમાં ભારત 189 દેશોમાંથી 130માં ક્રમે છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત ગણી શકાય. માનવ વિકાસ આંકમાં (Human development Index) સરેરાશ આયુષ્ય, શિક્ષણ અને માથાદીઠ આવકને ધ્યાનમાં લેવાય છે. ભારતના આ ત્રણેય ક્ષેત્રે વિશ્વની તુલનાએ ઘણું પાછળ છે. ભારતે વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવું હોય તો ભારતીય કર્મચારીઓને કાર્યક્ષમ અને કુશળ બનાવવા માટે આરોગ્ય અને શિક્ષણના પરિમાણોમાં નોંધપાત્ર સુધારો કરવાની જરૂર છે. આમ માનવ વિકાસ પરિમાણો એ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ માટે મહત્ત્વનો પડકાર છે.

### (3) જોબલેશ ગ્રોથ :

ભારતમાં વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ માટે મોટી ચિંતા એ રહી છે કે ડી. ઔદ્યોગિકરણ, ડી.ગ્લોબલાઈઝેશન, ચોથી ઔદ્યોગિક ક્રાંતિ અને તકનિકી પ્રગતિને કારણે ભાવિ વસ્તીવૃદ્ધિ બેરોજગાર બની શકે તેમ છે. NSSO (National Sample Survey Organization) સામયિક લેબર ફોર્સ સર્વે 2017-18 મુજબ ભારતમાં 15-59 વર્ષની વયજૂથ માટે ભારતનો શ્રમદળ સદ્ભાગિતા દર લગભગ 53 ટકા છે. એટલે કે કામકાજ વયની વસ્તીનો અડધો ભાગ બેરોજગાર છે. આમ વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવા માટે રોજગારી એ મહત્ત્વનું પરિબળ છે. પરંતુ ભારતમાં જોબલેશ ગ્રોથ એ અગત્યનો પડકાર ગણી શકાય.

### (4) ગરીબ રાજ્યોમાં વસ્તી વૃદ્ધિ :

કાર્યકારી વયના ગુણોત્તરમાં વૃદ્ધિ ભારતના કેટલાંક સૌથી ગરીબ રાજ્યોમાં કેન્દ્રિત થવાની સંભાવના છે. આ ગરીબ રાજ્યો ધનિક રાજ્યોની તુલનાએ રોજગારી સર્જન કરી શકવા શક્તિમાન નથી. વસ્તી વિષયક ડિવિડન્ડ માત્ર ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે ભારત આ કાર્યકારી વયની વસ્તી માટે લાભદાયક રોજગારીની તકો ઊભી કરવામાં સક્ષમ હશે. આમ રાજ્યોની આર્થિક અસમાનતા અને વસ્તી વૃદ્ધિ તેમજ તેનું વય બંધારણ પણ રાષ્ટ્ર સમક્ષ રોજગારી પૂરી પાડવા માટે મોટી સમસ્યા છે.

**(5)** ભારતમાં અર્થતંત્રની અનૌપચારિક પ્રકૃતિ ભારતમાં વસ્તી વિષયક સંક્રમણના લાભો મેળવવામાં બીજી મહત્ત્વની અડચણ છે.

**(6) બાળમજૂરી મોટો પડકાર :**

વર્ષ 2011ના પોપ્યુલેશન સેન્સસ મુજબ ભારતમાં બાળમજૂરોની સંખ્યા 10.1 મિલીયન જેમાં 5-6 મિલીયન છોકરાઓ અને 4-5 મિલીયન છોકરીઓનો સમાવેશ થાય છે. વિશ્વભરમાં કુલ 152 મિલીયન બાળકો પૈકી 64 મિલીયન છોકરીઓ અને 88 મિલીયન છોકરાઓ બાળમજૂરી કરતાં હોવાનો અંદાજ છે. ભારતમાં ગરીબી, શાળાઓની અછત, નબળું શિક્ષણ માળખું અને અસંગઠિત અર્થતંત્રની વૃદ્ધિને બાળમજૂરીના સૌથી મહત્ત્વપૂર્ણ કારણો તરીકે ગણવામાં આવે છે.

આ બાળમજૂરો શ્રમદળમાં ઉમેરો કરે છે. પરંતુ ભાવિ પેઢી માટે અશિક્ષિત, કૌશલ્ય વિહિન બાળમજૂરો યુવાન થયા પછી માનવ વિકાસ ગુણોત્તરને નીચો લઈ જશે. જે ભાવિ ભારત માટે મોટો પડકાર બનવાની સંભાવના છે.

**(7) રોજગારી, શિક્ષણ અને તાલીમનો અભાવ :**

દેશમાં મોટો વર્ગ ગરીબાઈમાં જીવન ગુજારે છે. ગરીબો માટે ઉત્પાદક રોજગારીની તકો સર્જવી એ મોટો પડકાર છે. સરકારની નોકરીઓ આપવાની મર્યાદા હોય છે. તેથી મોટે ભાગે રોજગારીની તકો ખાનગી ક્ષેત્રે સર્જવી પડે. વળી ગરીબ વર્ગોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ પ્રવર્તે છે. તેથી તેઓ આધુનિક વિકાસને અનુરૂપ ઉત્પાદક રોજગારી માટે તૈયાર હોતા નથી. Unskilled કે તદ્દન ઓછા Skill ધરાવતા શ્રમિકોને શિક્ષણ અને તાલીમ આપી Skilled Labour બનાવવા એ મોટો પડકાર છે. માનવ વિકાસ વધુ જરૂરી છે. ભારત જેવા વિકસતા દેશોમાં શિક્ષણમાં Drop out Ratio (ભણતર અધૂરું છોડી દેવું)નું પ્રમાણ વધુ છે તથા શિક્ષણ સ્તર નીચું છે. વળી આરોગ્ય સેવાઓ પણ ગ્રામીણ વિસ્તારોમાં બહુ ગુણવત્તા વાળી નથી. આ સંજોગોમાં શિક્ષણ અને આરોગ્યનું પ્રમાણ વિકસવા સાથે તેની ગુણવત્તામાં વ્યાપક સુધારાની જરૂરિયાત છે.

**(8) અસંગઠિત ક્ષેત્રમાં કામદારોની નીચી ઉત્પાદકતા :**

ભારત જેવા વિકાસશીલ દેશમાં હજુ અસંગઠિત ક્ષેત્ર મોટા પ્રમાણમાં છે. તેથી સંગઠિત ક્ષેત્રમાં વધુ લોકોને સમાવવા માટે વિદેશી મૂડી આકર્ષવી જરૂરી છે. દેશના ઉદ્યોગોના વિકાસ માટે પ્રોત્સાહનો આપવા જરૂરી છે. અસંગઠિત ક્ષેત્રમાં ટેકનોલોજી પછાત હોવાથી તેની ઉત્પાદકતા ઓછી હોય છે. વિશાળ એવા અસંગઠિત ક્ષેત્રમાં ટેકનીકલ સુધારા અને ઉત્પાદકતા વૃદ્ધિ અત્યંત આવશ્યક છે. આમ અસંગઠિત ક્ષેત્રના કામદારોની નીચી ઉત્પાદકતા કે જે દેશનો મોટો વર્ગ છે; તે મોટો પડકાર છે.

દેશમાં માત્રા યુવા વધુ હોવાથી વસ્તીનું ડિવિડન્ડ મળી જતું નથી પણ યુવાનોને નવા સમય પ્રમાણે કામ પૂરું પાડવું એ એક પડકાર છે. ઉત્પાદનના સાધનો સિમિત છે. યુવાનો વધુ છે એટલે કે શ્રમનો પુરવઠો વિશાળ છે. આ યુવાનોને કઈ રીતે કામ આપવું અને પ્રગતિના માર્ગમાં કેવી રીતે જોડવા તે પણ પડકાર છે.

## 3.8 વસ્તી વિષયક વળતરના પડકારો સામેના ઉપાયો / વસ્તી વિષયક વળતરના ઉપાયો

ભારતમાં વિશ્વની સૌથી વધુ કાર્યકારી વસ્તીજૂથ છે. યુવા દેશ તરીકે ભારતે સ્થાન લીધું છે. પરંતુ આ કાર્યકારી વયજૂથ સામે કેટલાંક પડકારો છે. આ પડકારોનો ઉકેલ લાવી શકાય તો જ વસ્તી વિષયક ડિવિડન્ડની પ્રાપ્તિ મેળવી શકાય. વસ્તી વિષય ડિવિડન્ડના

પડકારોનો ઉકેલ નીચે મુજબ લાવી શકાશે.

**(1) શૈક્ષણિક ક્ષેત્રે વધુ મૂડીરોકાણની આવશ્યકતા :**

ભારતમાં સાક્ષરતા દર વિશ્વના અલ્પવિકસિત દેશોની તુલનાએ ઘણો ઓછો છે. દેશમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણમાં યોગ્ય અને વધુ મૂડીરોકાણ કરીને શૈક્ષણિક સ્તરને વધારવાની જરૂર છે. 20 વર્ષથી ઓછી વયની વગભગ 41 ટકા વસ્તી ધરાવતું ભારત; જો સારી શિક્ષણ પ્રણાલી હોય તો જ વસ્તી વિષયક ડિવિડન્ડ મેળવી શકે છે. ઉપરાંત શૈક્ષણિક-ઉદ્યોગ સહયોગ, આધુનિક ઉદ્યોગની માંગણીઓ અને શિક્ષણવિદ્દોમાં શીખવવાના સ્તરને સુમેળ કરવા માટે જરૂરી છે. રાષ્ટ્રીય આવકના મીનીમમ 5 ટકા મૂડી રોકાણ શૈક્ષણિક ક્ષેત્રે કરવાની આવશ્યકતા છે. સરકારે હાયર એજ્યુકેશન ફાયનાન્સ એજન્સી (HEFA)ની સ્થાપના આ દિશામાં આવકાર્ય પગલું છે.

**(2) આરોગ્ય વિષયક સગવડોમાં વધારો કરવો :**

આયુષ્યમાન ભારત અને નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ (NHPS) જેવી યોજનાઓની સફળતાની જરૂર છે. એકીકૃત બાળવિકાસ (ICDS) કાર્યક્રમના અસરકારક અમલીકરણ સાથે મહિલાઓ અને બાળકોમાં પોષણ સ્તરને વિશેષ કાળજી રાખવાની જરૂર છે. તંદુરસ્ત ભારતની રચના માટે સ્વાસ્થ્ય રોકાણ કરવાનું છે. સ્વાસ્થ્ય ખર્ચ ભારતના આર્થિક વિકાસની ગતિ જાળવી રાખી નથી. ભારતમાં આરોગ્ય પાછળનો ખર્ચ GDPના લગભગ 1 ટકા જેટલો રહ્યો છે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે બહેતર આરોગ્ય સુધરેલાં આર્થિક ઉત્પાદનની સુવિધા આપે છે. તેથી વસ્તી વિષયક ડિવિડન્ડ દરમ્યાન આરોગ્યને પ્રોત્સાહન આપવા માટેની નીતિઓનો મુસદ્દો બનાવવો મહત્ત્વપૂર્ણ છે. આરોગ્ય માટે વધુ નાણાં ફાળવવાની તેમજ ઉપલબ્ધ ભંડોળમાંથી સારી આરોગ્ય સુવિધાઓની જરૂર છે. રીપ્રોડક્ટીવ હેલ્થકેર સેવાઓને અધિકારો આધારિત અભિગમ પર સુલભ બનાવવાનું છે. ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રાથમિક શિક્ષણ અને મૂળભૂત આરોગ્ય સંભાળ માટે સાર્વત્રિક વધુ ખર્ચ કરવાની જરૂર છે. તાજેતરના નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-5 (2019-21) મુજબ ભારતમાં કુટુંબ નિયોજનની અપૂર્ણ જરૂરિયાત 9.4 ટકા છે. જે ચીનમાં 3.3 ટકા અને દક્ષિણ કોરિયામાં 6.6 ટકા છે. જેને પૂર્ણ કરવાની જરૂર છે. દેશના નાગરિકોનું સારું હેલ્થ એ વસ્તી વિષયક વળતર ઊંચુ આવે છે.

**(3) વધુ કૌશલ્ય અને તાલીમ કેન્દ્રો વિકસાવવા :**

ભારતમાં વસ્તી એક અબજ અને 35 કરોડ આસપાસની છે. કુલ વસ્તી પૈકી બાળકો અને વૃદ્ધોને બાદ કરતાં કાર્યકારી વયજૂથની વસ્તીમાં કૌશલ્યવર્ધક શિક્ષણ આપવાની જરૂર છે. મેકોલોની શિક્ષણ પદ્ધતિ માત્રને માત્ર કારકૂનો પેદા કરે છે; જે વધુ રોજગારીની તકોનું સર્જન કરતી નથી. પરિણામે આપણા દેશનો ક્રીમ વર્ગ એટલે કે હાયર એજ્યુકેટેડ લોકો વિદેશમાં જાય છે. આપણું મોંઘું માનવ સંસાધન ફોરેન કન્ટ્રીઝમાં સ્થળાંતરિત થાય છે. શ્રમકાર્ય માટે પણ લોકો વધુ આવકની અપેક્ષાએ વિદેશમાં ગતિશીલ બને છે.

21મી સદી ટેકનોલોજી અને જ્ઞાનની સદી છે. દેશમાં માનવ સંસાધન રૂપી મૂડી એટલે કે કાર્યશીલ વસ્તીનું પ્રમાણ પુષ્કળ છે. આ કાર્યશીલ વસ્તીને માત્ર જિલ્લા લેવલે નહીં પરતું તાલુકા સ્તરે અથવા ગામડાઓના ક્લસ્ટર બનાવી વધુ કૌશલ્યશીલ (Skill Devlopment) કરવા વિવિધ પ્રકારના તાલીમ કેન્દ્રો વિકસાવવાની જરૂર છે. જો કે જિલ્લા કક્ષાએ અને મોટા શહેરોમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો સ્થપાયા છે. પરંતુ તે અપૂરતા છે. હજુ વધુ ટ્રેનિંગ સેન્ટરો ઉત્પાદકીય હેતુસર સ્થાપવામાં આવે તો દેશમાં બેરોજગારીની

સમસ્યા રહેશે નહીં અને રાષ્ટ્ર વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી શકે. જો કે સરકારે ભારતમાં ઈ.સ. 2022 સુધીમાં 500 મિલીયન લોકોને કૌશલ્યશીલ બનાવવાના એકંદર લક્ષ્ય સાથે નેશનલ સ્કીમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC)ની સ્થાપ નાકરી છે.

**(4) બાળકો અને કિશોરોમાં વધુ મૂડીરોકાણ :**

બાળકો એ રાષ્ટ્રનું ભાવિ છે. જેટલાં અંશે બાળકો અને યુવાનોને (ટીન એઝ વર્ગ) સરકાર વિવિધ પ્રકારની ટ્રેનિંગ આપી તૈયાર કરશે, તેટલા અંશે દેશનું કાર્યબળ મજબૂત બનશે. જે ભાવિ ઉત્થાનના પાયા મજબૂત કરશે. હરિફાઈ યુગમાં બાળકો અને કિશોરોમાં કોમ્પ્યૂટર અને અંગ્રેજીનું જ્ઞાન, નવી ટેકનોલોજી અને તેમાં પરિવર્તન તથા સંશોધનો વડે સજ્જતા કેળવાશે, તો તેવો વર્ગ કાર્યકારી વયજૂથમાં પ્રવેશતાં જ ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરવા કટિબદ્ધ બનશે. જે રાષ્ટ્રીય આવકમાં વધારો કરવાનો સ્ત્રોત બનશે.

રાષ્ટ્રના વિકાસ માટે સમાજના તમામ વર્ગોના ઉત્પાદક યોગદાનની જરૂર છે. ખાસ કરીને બાળકો અને યુવાનો જેમને સ્વ અભિવ્યક્તિની તકો પૂરી પાડવાની જરૂર છે. બાળકો અને યુવાનોમાં ઘરગથ્થુ અને રાષ્ટ્રીય રોકાણોમાં જ્યાં સુધી તેઓ વૃદ્ધ સમૂહમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી આર્થિક રીતે સક્રિય વસ્તીની ઉચ્ચ ઉત્પાદકતાના સંદર્ભમાં લાંબા ગાળાનું વળતર આપે છે. આથી બાળકો અને કિશોરોમાં વધુ મૂડીરોકાણ કરી લાંબા ગાળાનું વસ્તી વિષયક વળતર પ્રાપ્ત કરી રાષ્ટ્રનો આર્થિક પાયો મજબૂત કરવાની જરૂર છે.

**(5) રોજગારીની ક્ષમતા વધારવાની જરૂર :**

આપણા દેશમાં દર વર્ષે લગભગ 1 કરોડ 30 લાખ બાળકો જન્મે છે. જે સમયાંતરે 1 કરોડ અને 30 લાખ લોકો રોજગારી શોધે છે. વરસે દહાડે સરકાર 60 થી 70 લાખ લોકોને રોજગારી પૂરી પાડી શકે છે. આથી દર વર્ષે 50 થી 60 લાખ લોકો બેરોજગાર રહે છે. જે ચક્રવૃદ્ધિ ગતિએ દેશની બેકારીમાં વધારો કરે છે. કૃષિક્ષેત્રે પણ છુપી અને મોસમી બેકારી, અર્ધ બેકારી જોવા મળે છે. આ બેકાર યુવાનોને કાર્યબળમાં સામેલ કરવા માટે રાષ્ટ્રને દર વર્ષે યુવાનો માટે નોકરીનું સર્જન કરવાની જરૂર છે. વ્યવસાયોના હિતમાં અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવાથી મોટા શ્રમબળને રોજગારપ્રદાન કરવા માટે રોજગાર નિર્માણમાં મદદ મળશે. વિશ્વ બેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સમાં ભારતનું સુધરેલું રેકીંગ સારો સંકેત આપે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી યોજનાઓ જો યોગ્ય રીતે લાગુ કરવામાં આવશે તો નજીકના ભવિષ્યમાં ઈચ્છિત પરિણામો ભારત મેળવી શકશે. વળી ગ્રામીણ વિસ્તારમાં પછાત કૃષિક્ષેત્ર અને પોષણક્ષમ ભાવોના અભાવે નવી પેઢી ખેતી કરવા તૈયાર નથી. આથી ગામડાંનો યુવાન શહેરોમાં ગતિ કરે છે અને દેશમાં શહેરીકરણના અનેક પ્રશ્નોનું સર્જન થાય છે. ભારત સાડા સાત લાખ ગામડાનો બનેલ દેશ છે. મુખ્ય વસ્તી ગામડાંમાં રહે છે. જો ગામડાંમાં જ યુવાનોને રોજગારીની તકો વધે અને શહેર જેવી સુવિધા ઉપલબ્ધ થાય. તેમજ કૃષિ ક્ષેત્રે નવા ટૅક્નોલૉજીકલ ઉપકરણોનો ઉપયોગની યુવાનોને તાલીમ આપવામાં આવે તો ખેત ઉત્પાદકતામાં વધારો થાય અને યુવાનો ખેતી કરવા પ્રેરાય. તેમ જ ગામડાંનો ખેડૂત ગામડાંમાં જ રોજગારી મળતા શહેરીકરણના પ્રશ્નો ઉદ્‌ભવશે નહીં. વળી મોસમી અને પ્રચ્છન્ન બેકારી ટાળવા નાના, કુટીર અને ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાથી ગ્રામીણક્ષેત્રે વધુ રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. સરકારની વિવિધ યોજનાઓનો અમલ તર્કબદ્ધ રીતે અને પદ્ધતિસર રીતે ગામડાંમાં થાય તો યુવાનો અને કિશોરોની શક્તિ અને બુદ્ધિનો લાભ રાષ્ટ્રને પ્રાપ્ત થશે.

શહેરોમાં પણ સરકારે સ્માર્ટ સીટી, Amrut યોજનાને અસરકારક બનાવી અનેક

ક્ષેત્રે રોજગારી વધારવાનો પ્રયત્ન કર્યો છે તે આવકારદાયક છે.

**(6) મહિલા કર્મચારીની સહભાગિતા વધારવી :**

રાષ્ટ્રનો લગભગ 50 ટકા હિસ્સો મહિલાઓનો છે. આ મહિલાઓને 33 ટકા અનામત રાજકીય ભાગીદારીમાં આપી રાજકીય ક્ષેત્રે સશક્ત બનાવી છે. તેવી જ રીતે શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ તકો આપી મહિલાઓને સશક્ત બનાવવાની જરૂર છે. હજુ પણ 40 ટકા મહિલાઓ વાસ્તવમાં અશિક્ષિત છે અથવા પ્રાયમરી શિક્ષણ પ્રાપ્ત કરી ભણવાનું છોડી દે છે. આવી મહિલાઓને શિક્ષિત અને તાલીમબદ્ધ કરી તેમની સહભાગિતા વધારવાની ખૂબ જ જરૂર છે. દેશનુ અડધું માનવ સંશાધન લકવાગ્રસ્ત અવસ્થામાં રહે તો દેશનો વિકાસ આર્થિક ક્ષેત્રે થઈ શકે નહીં. આથી આ અડધા માનવ સંશાધન સ્ત્રીઓને ઉત્પાદકીય હેતુસર જોડવી જોઈએ. નાબાર્ડ અને સરકારે સ્વસહાય જૂથ, સખીમંડળ દ્વારા ઘણા સારા પરિણામો મહિલાની સહભાગિતા દ્વારા પ્રાપ્ત કર્યા છે. કૌશલ્યો અને તાલીમ કેન્દ્રો દ્વારા ગ્રામીણ ક્ષેત્રે મહિલાઓની સહભાગિતા વિસ્તારવાની ખૂબ જ જરૂર છે. મહિલાઓની કામ કરવાની ક્ષમતા, શક્તિ અને વૃત્તિ પુરુષોની તુલનાએ વિશેષ છે. તેનો લાભ રાષ્ટ્રે લેવાની જરૂર છે.

## 3.9 ડેમોગ્રાફી ડિવિડન્ડ સંદર્ભે ભારતની વર્તમાન સ્થિતિ

21મી સદીમાં ભારત એક યુવા દેશ થવા તરફ જઈ રહ્યો છે. તેવી માન્યતા અથવા વિચાર સંદર્ભે વર્તમાન સરકારે અગાઉથી જ ચોક્કસ આયોજન અમલમાં મૂક્યું છે.

- ઓછા ગતિશીલ એવા આયોજન પંચના માળખાને સ્થાને કેન્દ્ર સરકારે નીતિ આયોગની શરૂઆત થઈ અને તેમાં ટેકનોલોજી સુધારણા ઉપર ભાર મૂકાયો છે.
- ભારત સરકારે National Skilll Devlopment Corporation (NSDC)ની રચના કરી તેની અંતર્ગત દેશમાં વિદ્યાર્થી અને યુવાનોના Skill Devlopment માટે પ્રોજેક્ટ તૈયાર કર્યા.
- નવી શિક્ષણ નીતિ અમલમાં મૂકાઈ જેમાં Creativity એટલે કે સર્જનાત્મક તરફ વિદ્યાર્થીઓને પ્રેરવા તરફ ભાર મૂકાયો તથા શિક્ષણ ઉદ્યોગ સહયોગ વધે તેના ઉપર ભાર મૂકાયો.
- National Health Protection Skill (NHPC) અંતર્ગત બાળકો અને મહિલાઓના પોષણના કાર્યક્રમો ઘનિષ્ઠ બનાવવામાં આવ્યા.
- Integrated Child Devlopment Skill (ICDS) અંતર્ગત નાના બાળકોને પોષણ અને વિકાસના કાર્યક્રમો ઉપર વધુ ભાર મૂકાયો.
- આયુષ્યમાન ભારતની હેઠળ તમામ નાગરિકોને (ગરીબ અને મધ્યમ વર્ગના) આરોગ્યની વિના મૂલ્યે સુવિધા પૂરી પાડવાની અને રૂ. પાંચ લાખ સુધીનો તબીબી ખર્ચની સહાય દરેકને ઉપલબ્ધ બની. હેલ્થનો સારો કાર્યક્રમ છે.
- દેશમાં ધંધા વેપાર કરવાની સરળતાની નીતિ અપનાવાઈ અને નવા મૂડીરોકાણો કે વિસ્તરણની દરખાસ્તોના ઝડપી નિકાલ ઉપર ભાર મૂકાયો. પરિણામે વિશ્વમાં ધંધા વેપાર કરવાની સરળતાની યાદીમાં ભારતના ક્રમનો સારો એવો સુધારો થયો છે. આથી જ પુષ્કળ પ્રમાણમાં વિદેશી મૂડી આવે છે.
- વિદેશી મૂડી માટે રેટ કાર્પેટની નીતિ મૂકીને વધુ છૂટછાટ આપવામાં આવી.

- Infrastructureમાં મોટા પાયા ઉપર સુધારો જેમ કે દરેક ગામમાં વિજળી પહોંચાડવી, રોડ રસ્તા સુપર ફાસ્ટ (ફોર લેન સિક્સ લેન) સારી ગુણવત્તાવાળા હાઈવે તથા ઝડપી વાહનવ્યવહાર માટે રાષ્ટ્રભરમાં ઓવર બ્રીજ બનાવ્યા.
- રેલવેનું આધુનિકરણ, ડબલ લાઈન, બ્રોડગેજ લાઈન અને ઈલેક્ટ્રીફિકેશન અને ઝડપી આરામદાયક રેલવે લાઈન નખવામાં આવી.
- પેટ્રોલ, ડીઝલના વિકલ્પના સસ્તા ઈલેક્ટ્રીક વાહનો સ્કુટર, કારો, બસો વગેરે પાંચ વર્ષમાં વિકસાવવાનાં પ્રયત્નો, વિદેશી હૂંડિયામણનો ઘણો ભાગ ઓઈલની આયાત તરફ જાય છે તે બચી જશે.
- Start of India યુવાનોને ક્રીએટીવીટી માટે તાલીમ અને IIT (Indian Institute of Technology) અને પેટન્ટ બનાવવા માટે મદદ કરે અને રાહતદરે સરકાર તરફથી લોન આપવામાં આવે. દેશમાં નવી IIT (Indian Institute of Technology), IIM (Indian Institute of Management)ની ઘણા રાજ્યોમાં સ્થાપના કરી છે. હજારો I.T.I ઔદ્યોગિક તાલીમ શાળાઓની સ્થાપના કરવામાં આવી છે. નાના લેવલે ઓછા અભ્યાસવાળાને ઔદ્યોગિક તાલીમ મળે, સ્વરોજગારી કે રોજગારી મેળવી શકે અને ઉચ્ચ સ્તર માટે I.T.I જેમાં ટોપ લેવલના ઈજનેરો તૈયાર થાય.
- Make in India policy અંતર્ગત વિદેશી કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટેની ઉદાર શરતો અને સગવડો પૂરી પાડી મોટા પાયા ઉપર વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં આવી રહ્યું છે. બે કંપની માત્ર મોબાઈલની ભારતમાં હતી. અત્યારે 150થી વધુ વિદેશી કંપનીઓ ભારતમાં આવી છે. જેથી ભારત પણ પ્રોડક્શનનું કેન્દ્ર બન્યું છે. 'તેજસ' લશ્કરી એરક્રાફ્ટ માટે કેટલાય દેશોની ડિમાન્ડ આવી છે. આટલા ઓછા વજનનું અને મજબૂત ક્ષમતાવાળું વિમાન હાઈ ટેકનોલોજીનું ભારતે બનાવ્યું અને વિદેશના લોકોની માંગ વધી છે.
- સ્વદેશી વિચારને મહત્ત્વ આપી દેશની વસ્તુઓનો ઉપયોગ અને દેશના ઉદ્યોગોને પ્રાયોરિટી આપવાની, સ્વદેશી ચળવળ સ્વરૂપે રોજગારી સર્જે છે.
- Smart City Mission શહેરીકરણ, ઔદ્યોગિકકરણ અને વાણિજ્યકરણ સાથે સીધો સંબંધ છે. આથી મધ્યમ કદના શહેરો માટે સ્માર્ટ સિટી યોજના અમલમાં મૂકવામાં આવી છે. દા.ત., વડોદરા, ઈંદોર, નાગપુર, લખનૌ. જે મેગા સિટી નહીં પણ મધ્યમ કદના શહેરોમાં બધી જ આધુનિક સેવાઓ વિકસે બાજુના શ્રમ પુરવઠો ગામડાંના લોકો શહેરોમાં આવે એમને પુરતી સુવિધા મળે, વાણિજ્યકરણ અને ઉદ્યોગિકરણને સહાયક બને છે. આજુબાજુના ગ્રામીણ વિસ્તારના શ્રમ પુરવઠાને સારી તકો પૂરી પાડે છે.

ભારતના આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણી પ્રસંગે વડાપ્રધાને આગામી 25 વર્ષમાં એટલે કે દેશની આઝાદીના શતાબ્દી વર્ષ સુધીમાં (2047) ભારત એક વિકસિત રાષ્ટ્ર બને અને વૈશ્વિક મહાસતા બને તે માટે ભાવિ આયોજન દર્શાવ્યું છે. અત્યાર સુધીમાં યુવા દેશ તરીકે વસ્તી વળતરના મહત્તમ લાભ લઈ શકાય તે માટે કેન્દ્ર સરકારે ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે અને તેને પરિણામે દેશની આર્થિક વૃદ્ધિ પ્રતિકૂળ સંજોગોમાં પણ નોંધપાત્ર રહેવા પામી છે. ઊંચી દરે આર્થિક વૃદ્ધિ થવાને પરિણામે ભારત કુલ રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં ઈંગ્લેન્ડથી આગળ નીકળી ગયું છે અને વિશ્વમાં પાંચમાં સ્થાને પહોંચ્યું છે. વસ્તી વળતરના વધુ સારા લાભ ભવિષ્યમાં

લઈ શકાય તે માટે દેશમાં આગામી બેથી અઢી દાયકા સુધી સ્થિર અને મજબૂત કેન્દ્ર સરકારની આવશ્યકતા રહે છે.

## ● સારાંશ

વર્તમાનમાં ચીન આર્થિક ઉપાર્જનમાં આપણા કરતાં સારી પ્રગતિ કરી છે. પરંતુ વસ્તી વૃદ્ધિની સમસ્યા હલ કરવા ચીન સરકારે 1979માં એક બાળકની નીતિ કડકાઈથી અપનાવી. જેના કારણે નજીકના ભવિષ્યમાં ચીન પાસે વસ્તી વિષયક વળતર આપતી કાર્યકારી વયજૂથની ઊણપ શરૂ થવા પામી છે. વૃદ્ધોની સંખ્યા વર્ષ 2013માં 13.5 કરોડ હતી જે 2014માં વધીને 21.2 કરોડ થઈ અને 2030 સુધીમાં તે લગભગ 75 કરોડ જેટલી થવાની ગણતરી છે. આમ ચીન હવે વસ્તી વિષયક વળતર મેળવવામાં પાછળ પડી જશે. જ્યારે ભારત એ યુવા દેશ તરીકે વિશ્વમાં ઊભરી આવ્યો છે. જો વ્યવસ્થિત Planing Policy અપનાવવામાં આવશે તો વિશ્વનો સશક્ત દેશ તરીકે સ્થાન પામશે. ખાનગી અને જાહેર માનવ મૂડી ખર્ચના સંદર્ભમાં ભારત એશિયામાં નબળું સ્થાન ધરાવે છે. તેથી બાળકો અને યુવાનો કે કિશોરોમાં વધુ મૂડીરોકાણ કરવાની જરૂર છે. ખાસ કરીને બાળપણમાં જ પોષણ અને શિક્ષણ ઉપર ભાર મૂકીને સશક્ત યુવાનો પેદા કરવાની જરૂર છે. ભારતને વર્તમાનમાં વસ્તી વિષયક ડિવિડન્ડ મળવાનું શરૂ થઈ ગયું છે. આથી ચીન જેવી દશા ન થાય તે માટે Forward Looking Policy એટલે કે આગળ દેખાતી નીતિઓ યુવાનોને તેમના શિક્ષણ, કૌશલ્ય અને આરોગ્ય પસંદગીઓના સંદર્ભમાં સશક્ત બનાવવા માટે ઘડવી જોઈએ. તો જ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા વસ્તી વિષયક ડિવિડન્ડ પ્રાપ્ત કરી શકાશે.

15 થી 30 વર્ષના વયજૂથમાં ઘણો બધો ઉત્સાહ અને ધગશ હોય છે. તેઓની શારીરિક ક્ષમતા પણ વધારે હોય છે. રાષ્ટ્ર માટે ખૂબ જ મોટું શક્તિ અને પીઠબળ છે. ખાલી યુવાનો વધુ હોવા એક શક્યતા વિકાસ કે પ્રગતિની છે. માત્ર યુવાનો હોવાથી વસ્તી વિષયક ડિવિડન્ડ મળી જતું નથી પણ આ યુવાનો નવા સમય પ્રમાણે કામ પૂરું પાડવું તે એક પડકાર છે. ઉત્પાદનના સાધનો સીમિત છે. યુવાનો વધુ છે કઈ રીતે કામ આપવું અને રાષ્ટ્રની પ્રગતિના માર્ગમાં કેવી રીતે જોડવા તે એક મોટો પડકાર દેશ સમક્ષ છે.

ભારત સરકારે સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, ટેકનિકલ એજ્યુકેશન સર્ટીફિકેટ કોર્ષ અને એના માટે બેંકોની લોનની જોગવાઈઓ કરી છે. મુદ્રા સ્કીમ લઘુઉદ્યોગો માટે ગેરંટી લોનની અને તેની સહાય અને પ્રોત્સાહનો આપ્યા છે. વિશ્વમાં U.S.A. અને ચીન પછી ભારત ત્રીજા નંબરે સ્ટાર્ટ અપમાં છે. ભારત વિકાસમાં ઘણું પાછળ ઘણું યુવા ધનને યોગ્ય કામ આપી વિકાસના માર્ગમાં જઈ રહ્યાં છે. જેથી વસ્તીનું મહત્તમ ડિવિડન્ડ પ્રાપ્ત થાય છે. વિકાસની હરણફાળ ભરવા માટે વર્તમાનમાં વિકાસનું સ્ટ્રક્ચર તૈયાર થઈ ગયું છે. દેશનું અર્થતંત્ર સ્વયં સંચાલિત અર્થતંત્ર ચાલતું અને દોડતું થાય તે માટે એક સુવર્ણ તક છે. આમ વસ્તી વિષયક વળતરની પ્રાપ્તિ ઉચ્ચ શિખરે છે, અને તેનો લાભ ભારત લેશે.

## ● સંદર્ભ વાચન


- Will Kenton Reviewed by Michael J Boyle. "What is the Demographic dividend, and How does it work ?" Anticle November 29. 2020
- India's Population in 2050, extreme projections demand extreme action, by Ranjit Goswami,

http:\\www.eastasiaforum.org\2013\4\5\Indiaspopulation in 2050. extreme projections - demand extreme - action.

- The Demographyc Dividend : Evidence from the Indian States by Shekhar Aiyar and Ahsoka Modi. http:\\www.imf.org\external\pubs\ft\2011\wp 1138 pdf.
- "Realizing the Demographic Dividend : Challanges and opportunities for Ministry of Finance and Development/world Bank live" Archived from the original on 2011-12, 30 Retrived 2011-12-23.